## અમદાવાદના એડી. ચીફ મેટ્રો. મેજીસ્ટ્રેટ સાહેબ (કોર્ટ નં.૪)ની કોર્ટમાં, અમદાવાદ.

ફોજદારી કેસ નંબર :– ૫૫૫૧/૨૦૨૨

<u>ફરીયાદી</u> : સરકારશ્રી

વિરૂધ્ધ

<u>આરોપી</u> : આરતીબેન કરણભાઈ દેવીપુજક

## <u>:– જ જ મે ન્ટ –:</u>

ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આરોપીએ બનાવની તારીખે સમયે તથા સ્થળ પર ગેરકાયદેસર રીતે દેશી દારૂના જથ્થા સાથે મળી આવી **પ્રોહીબીશન એકટનો ગુનો** આ અદાલતની હકુમતમાં કરેલ હોઈ આ અદાલતમાં ચાર્જશીટ રજુ થયેલ છે. જે સબંધે આરોપી સામે જે ચાર્જશીટ થયેલ છે, તે સબંધે આંક–૧ લગત અલગથી હુકમ કરી તહોમતનામુ ફરમાવવામા આવેલ છે. આરોપીએ ઉપરોકત હકીકતે ફરીયાદમાં જણાવ્યા મુજબ નો ગુનો કરેલાની કબુલાત પુરસીસ રજુ કરેલ છે. જે સબંધે તેઓએ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ હોવાની ખાત્રી કરેલ છે. આરોપીનો પ્રથમ ગુનો હોય અને બાળબચ્ચા વાળા માણસ હોઈ આર્થિક પરીસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટનો ન્યાયમુર્તિ શ્રી જે.એન. ભટ્ટ સાહેબનો ચુકાદો State Of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 : 2005 (1) GCD 749 લક્ષમાં રાખી ઓછામા ઓછી સજા દંડ કરવા અરજ કરેલ છે. જે ચુકાદો વંચાણે લેતા તેમા ઠરાવેલ છે કે, BOMBAY PROHIBITION ACT, 1949 - S. 66(1)(b), 85(1) CODE OF CRIMINAL PROCEDURE, 1973 - S. 240, 241, 251, 228(2), 240(2), 252, 253, 235(2), criminal offence - plea of guilty - prayer for mercy by prescribing specimen pro forma for pleading guilty and for mercy in sentence - quantum of sentence - provisions for awarding minimum sentence - discretionary powers of court in this regard - the core issue as to whether Trial Court on being satisfied or in presence of special and adequate reasons peculiar to the accused, to be mentioned in writing, in the judgment of the court, in finding accused guilty, "for a first offence" either by evidence or "by raising the plea of guilty" is competent to impose for such "first offence"

જેથી આરોપીનો પ્રથમ ગુનો હોય અને બાળ બચ્ચા વાળા માણસો હોઈ આર્થિક પરીસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખતા તાજેતરમા અલ્પ માત્રાના જથ્થા સબંધે જે સુધારા ગુજરાત સરકાર તરફથી કરવામા આવેલ છે, તેની સાથોસાથ આ પ્રકારના કેસોનો જે ભરાવો અદાલતોમા થઈ રહેલ છે, તેમજ આ પ્રકારના કેસો ઝડપથી પુરા કરવા સબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી જે અથાગ પ્રયાસો કરવામા આવી રહેલ છે, તેમજ અવારનવાર સ્પેશ્યલ સીટીંગોનુ આયોજન કરી આ પ્રકારના કેસો શોધી કાઢી પુરા કરવા માટે જે સુચનાઓ નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી આપવામા આવી રહેલ છે તે હકીકત લક્ષમા રાખતા સાથોસાથ આરોપીએ અદાલત રૂબરૂ મૌખિક રીતે ફરીથી આ પ્રકારે કોઈ જ ગુનો નહી કરવાની ખાત્રી આપેલ હોઈ આરોપી કુટુંબ કબીલાવાળા માણસ હોઈ વધુ આકરો દંડ કે જેલની સજા કરવામા આવે તો આરોપી ઉપર તેના કુટુંબના ભરણપોષણનો આધાર રહેલ હોઈ આરોપી જેલમા જાય તો તેના પરીવારને ભુખે મરવાનો વારો આવે તેવા પણ સંજોગો ઉભા થાય તેમ હોઈ આરોપીને જેલમા મોકલવાનુ ઉચિત જણાતુ નથી, સાથોસાથ જો આરોપીને વધુ દંડ કરવામા આવે તો તેના પરીવારના સભ્યો પાછળ જે રકમ આરોપી ખર્ચી શકે તેમ છે તે રકમ દંડ પેટે સરકારમા ચુકવવાથી પણ આરોપીના પરીવારના સભ્યોને સહન કરવુ પડે તેમ જણાતુ હોઈ વધુ દંડ કરવો પણ ઉચિત જણાતુ નથી, જેથી ઉપર દર્શાવેલ સમગ્ર કારણો ધ્યાને લેતા આ અદાલતને નામદાર શ્રી જે.એન. ભટ્ટ સાહેબના ચુકાદાથી મળેલ સત્તાનો ઉપયોગ કરી વધુ પડતા ટેકનીકલ નહી થતા આરોપીને સમાજમાં રહી સુધરવાની તક આપવી ન્યાયી જણાતું હોઈ તેમજ તેના પરીવાર માટે પણ આ પ્રકારે હળવાશથી હુકમ કરવાથી ન્યાયનું હીત જળવાશે તેમ જણાતુ હોઈ નીચે મુજબ હુકમ કરૂં છુ.

## :: આખરી હુકમ ::

આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૨ અન્વયે ચાર્જશીટમા આક્ષેપાયેલ ગુનાના ભંગ બદલ રૂા.૨૦૦/– (અંકેરૂપિયા બસો પુરા) દંડ તથા કોર્ટ ઉઠતા સુધીના સમય સુધીની સજા કરવામા આવે છે. આરોપીની ઉંમર જોતા તેમજ પ્રથમ ગુનો હોઈ તેમજ તેમના ઉપરની પરીવારની જવાબદારી ધ્યાને રાખતા સાથોસાથ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો State Of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 : 2005 (1) GCD 749 લક્ષમાં રાખતા ઉપરોકત કારણોને આધીન કેદની સજા કરવામા આવતી નથી. જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ (પાંચ) ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

આ હુકમ આજરોજ તારીખ ૩૦ માહે એપ્રિલ ૨૦૨૨ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખઃ– ૩૦/૦૪/૨૦૨૨
અમદાવાદ.

**( ભાવેશ જેઠાભાઈ પટેલ )**
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૪, અમદાવાદ.
યુનિક કોડ નં. જીજે–૦૦૯૭૭.